BUSINESS મિત્ર

નિફ્ટી એક્સપાયરીના દિવસે ભારે વેચવાલી વચ્ચે રિકવરી નિષ્ફળ; સેન્સેક્સ ઇન્ટ્રાડે 700 પોઇન્ટ તૂટ્યો

શેરબજારમાં ઘટાડો: 2 દિવસમાં રોકાણકારોના 10 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: મીડલ ઈસ્ટમાં વધતો જતો તણાવ અને બોન્ડ યીલ્ડમાં વધારાથી વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં પણ દબાણ રહ્યું હતું. આજે શેરબજારમાં રીકવરીનો પ્રયાસ કર્યો હતો, પણ તે સફળ થઇ શક્યો નહતો.

ગિફ્ટ નિફ્ટી નજીવા ઘટાડા સાથે ચાલી રહી હોવાથી આજે શરૂઆત નજીવા ઘટાડા સાથે થઇ હતી, પણ આજે ભારતીય શેરબજારમાં નિફ્ટી એક્સપાયરીના પગલે શરૂઆતી મિનિટોમાં જ ભારે વેચવાલીના પગલે નિફ્ટી 200 પોઇન્ટથી વધુ તૂટી ગઇ હતી. જોકે, છેલ્લે શોર્ટ કવરીંગના લીધે રીકવરી થઇ હતી, પણ લાલ નિશાનમાં જ બંધ રહી હતી. જ્યારે સેન્સેક્સ ઇન્ટ્રાડેમાં 700 પોઇન્ટ તૂટયો હતો. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ જોવાયું હતું. જેના લીધે રોકાણકારોના આજે 3 લાખ કરોડ રૂપિયા સ્વાહા થઇ ગયા હતા. આમ, બે દિવસમાં રોકાણકારોએ રૂ. 10 લાખ કરોડથી વધુ ગુમાવ્યા છે.

બીએસઇ સેન્સેક્સ 242.65 પોઇન્ટ એટલે કે 0.33 ટકા ઘટીને 72529.07 પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 72684 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72064 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 640.05 પોઇન્ટ એટલે કે 0.28 ટકા ઘટીને 22716.20 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22600 પોઇન્ટની સપાટી તોડીને 22569 પોઇન્ટ સુધી ઘટી હતી, જ્યારે 22753 પોઇન્ટ સુધી ઉછળી હતી. બેન્ક નિફ્ટી 211.70 પોઇન્ટ એટલે કે 0.39 ટકા તૂટીને 54259.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે હોનાસા કન્ઝ્યુમરમાં 18 ગણા, જીઇ વરનવામાં 11.3 ગણા, યુનાઇટેડ બ્રેવરેજીસમાં 9.93 ગણા, ઇન્ડિયન હોટલ્સમાં 8.94 ગણા અને ડેલ્હીવેરીમાં 7.57 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે હોનાસા કન્ઝ્યુમરમાં 26.53 ગણા, એબી લાઇફસ્ટાઇલમાં 25.16 ગણા, એનસીસીમાં 11.61 ગણા, એરીસ લાઇફસાયન્સીસમાં 5.72 ગણા અને ઇઆઇએચ લિ.માં 5.23 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.74 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.49 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1967 શેરો વધ્યા હતા, જ્યારે 2419 શેરો ઘટ્યા હતા, અને 218 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર્સ 72 પોઇન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યો છે, જે આજે પણ અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. બીજી તરફ, સ્પેનનો વાર્ષિક ફુગાવાનો દર વધીને 4.9 ટકા થયો હોવા છતાં યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ રહી હતી. આ ફુગાવો 2023ની શરૂઆતના સર્વોચ્ચ સ્તરે છે. જ્યારે વોલસ્ટ્રીટમાં ઘટાડાની અસર આજે એશિયન બજારો ઉપર જોવા મળી હતી અને મોટા ભાગના એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.36 ટકા અને ડેક્સ 0.77 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.06 ટકાનો નજીવા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.43 ટકા, સ્ટ્રેઇટસ 0.25 ટકા, હેંગસેંગ 0.73 ટકા, તાઇવાન 0.82 ટકા, કોસ્પી 0.28 ટકા, જકાર્તા 0.43 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઇ 0.18 ટકા સુધારા સાથે બંધ રહ્યો હતો.

રૂપિયો તૂટીને 96.13 થયો, છેલ્લે 96ની નીચે

યુએસ બોન્ડ યીલ્ડ વૃદ્ધિ અને વૈશ્વિક અનિશ્ચિતતાના કારણે શરૂઆતથી જ રૂપિયો નબળો પડ્યો હતો અને 96ને પાર નીકળીને 96.16 સુધી તૂટયો હતો, જે છેલ્લે રીકવર થઇને 96ની નીચે સરક્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 95.98ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.99ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.06, પાઉન્ડ 127.97, કેનેડિયન ડોલર 67.59, ઓસ્ટ્રેલિયન ડોલર 67.18, જાપાનીઝ યેન 0.6116 અને સીંગાપોર ડોલર 74.98ના સ્તરે બંધ રહ્યો હતો.

ફોરેક્સ બજાર

ડોલર	96.03 રૂ.
યુરો	109.13 રૂ.
પાઉન્ડ	127.19 રૂ.
યેન	0.6106 રૂ.

સેન્સેક્સ	-242.65	72529.07
નિફ્ટી	-64.05	22716.20
બેન્ક નિફ્ટી	-211.70	54259.95

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટરપ્રાઇઝ	5.01	2972.90
અદાણી પોર્ટસ	4.49	1822.00
ડો. રેડ્ડીઝ લેબ	2.53	1251.90
કોટક મહિન્દ્રા બેન્ક	1.11	406.00
ટાટા સ્ટીલ	0.91	188.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	3.00	4675.00
એચસીએલ ટેકનો	2.44	1222.00
વિપ્રો	2.95	156.79
ટીસીએસ	1.85	2032.40

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	4.39	1818.00
સન ફાર્મા	1.09	1860.00
ટાટા સ્ટીલ	1.05	187.95
કોટક મહિન્દ્રા બેન્ક	1.00	406.00
એનટીપીસી	0.92	323.95

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	2.72	4684.00
એચસીએલ ટેકનો	2.29	2036.00
ટીસીએસ	1.72	2036.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.57	10846.65
એચયુએલ	1.53	1867.00

સિમેન્ટના ભાવમાં તોળાતો વધારો, ઘર બનાવવું થશે મોંઘું

ઓક્ટોબરમાં પણ થેલી દીઠ રૂ.5થી રૂ.20 રૂપિયાનો ભાવવધારો શક્ય

મુંબઈ, તા. 29: સપ્ટેમ્બર પછી ઓક્ટોબરમાં પણ સિમેન્ટના ભાવ વધી શકે છે. સપ્ટેમ્બરમાં સિમેન્ટના ભાવમાં વધારો જોવા મળ્યો હતો, પરંતુ તેનાથી માંગ પર ખાસ અસર પડી ન હતી, જેના કારણે ઓક્ટોબરમાં ભાવમાં વધારો થવાની સંભાવના છે. સપ્ટેમ્બરમાં ભાવ વધારા બાદ, ઓક્ટોબરમાં ભાવમાં વધુ વધારો થવાની ધારણા છે. સેન્ટ્રમ બ્રોકિંગના એક અહેવાલમાં અંદાજ છે કે સિમેન્ટ કંપનીઓ ઓક્ટોબરમાં મોટાભાગના બજારોમાં પ્રતિ બેગ રૂ. 5 થી લઈને રૂ. 20 સુધીનો ભાવ વધારો શકે છે. જોકે, અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે, ભાવ વધારો જો કે, માંગમાં આવેલી રિકવરી પર નિર્ભર રહેશે. અહેવાલ મુજબ, તાજેતરના અઠવાડિયામાં ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે. તેથી, કંપનીઓ કેટલો ભાવ વધારો કરે છે અને કેટલો સમય તેને જાળવી રાખે છે તેની પર નજર રહેશે. સપ્ટેમ્બરમાં સમગ્ર ભારતમાં સરેરાશ ભાવ રૂ. 7 મહિના-દર-મહિના વધીને રૂ. 356 પ્રતિ બેગ થયો. અગાઉ, જુલાઈ અને ઓગસ્ટમાં ભાવ મોટાભાગે સ્થિર રહ્યા હતા.

જોકે, અહેવાલ મુજબ, કંપનીઓ દ્વારા વધેલા બિલિંગ ભાવની સંપૂર્ણ અસર ઘણા બજારોમાં ગ્રાહકો પર નાખવામાં આવી નથી.

ડીલરો ક્વાર્ટરના અંતે વોલ્યુમ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે અગાઉના ભાવે સિમેન્ટ વેચવાનું ચાલુ રાખ્યું. પ્રાદેશિક રીતે જોઈએ તો, દક્ષિણ ભારતમાં સપ્ટેમ્બરમાં સિમેન્ટના ભાવમાં પ્રતિ બેગ રૂ. 11 સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ પશ્ચિમ ભારતમાં રૂ. 9 નો વધારો જોવા મળ્યો. મધ્ય, પૂર્વ અને ઉત્તર ભારતમાં પ્રત્યેક બેગના ભાવમાં રૂ. 5 નો વધારો જોવા મળ્યો.

ઓલા ઈલેક્ટ્રિક લાવશે 1,000 કરોડ રૂપિયાનો રાઈટ્સ ઈશ્યૂ

ઓલા ઇલેક્ટ્રિકનો ભાવ ઘટીને રૂપિયા 24 બોલાઇ શકે: એચએસબીસી

મુંબઈ, તા. 29: ઓલા ઈલેક્ટ્રીક્સના બોર્ડ દ્વારા રૂ. 1000 કરોડના પાર્ટલી પેઈડ અપ ઈક્વિટી શેરના રાઈટસ ઈશ્યૂને મંજુરી આપી છે.

કંપનીએ જણાવ્યું હતું કે, આ ઈશ્યૂની રેકોર્ડ ડેટ સુધી શેરહોલ્ડરો માટે ખુલ્લો રહેશે, જે રેકોર્ડ ડેટ પાછળથી જાહેર કરવામાં આવશે. કંપનીની વેબસાઈટ પર ઉપલબ્ધ ડ્રાફ્ટ લેટર ઓફ ઓફર મુજબ ઓલા ઈલેકટ્રીકના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર ભાવિશ અગ્રવાલે પુષ્ટિ તેની કરી છે. હાલમાં કંપનીના પ્રમોટર જુથ પાસે 32.97 ટકા હિસ્સો છે.

બીજી તરફ, બ્રોકરેજ અને રેટિંગ એજન્સી એચએસબીસીએ ઓલા ઈલે. પર રિડયુસ રેટિંગ જાળવી રાખ્યું છે. તેઓએ શેર માટે રૂ. 24નો લક્ષ્યાં કભાવ નક્કી કર્યો છે. જે વર્તમાન ભાવ રૂ. 37.86થી લગભગ 37 ટકા નીચે છે.

એચએસબીસીના જણાવ્યા અનુસાર ઓલા ઈલે.ની ગીગા ફેકટરીમાં બેટરી મેન્યુફેકચરીંગ ઝડપથી વધી રહ્યું છે. અત્યારે બેટરી યીલ્ડ લગભગ 70 ટકા છે. બ્રોકરેજ અપેક્ષા રાખે છે કે તે આગામી 6થી 9 મહિનામાં લગભગ 90 ટકા હશે. જોકે, બ્રાન્ડને પુનઃજીવિત કરવી તે મહત્વપુર્ણ રહેશે. બ્લુમબર્ગના ડેટા અનુસાર ઓલા ઈલે.માં 8માંથી 6 વિશ્લેષકોએ સેલનું રેટિંગ આપ્યું છે. જ્યારે બે વિશ્લેષકોએ હોલ્ડનું રેટિંગ આપ્યું છે, પણ કોઈપણ વિશ્લેષકે બાયનું રેટિંગ આપ્યુ નથી.

અમેરિકી રાહતથી ભારતીય ફાર્મા માર્કેટ ગુલઝાર

BSE હેલ્થકેર ઇન્ડેક્સ 140 પોઇન્ટ સુધર્યો; ડો. રેડ્ડીઝ અને સન ફાર્મામાં તેજી

નવી દિલ્હી, તા. 29: અમેરિકામાં ભારતને કેટલીક દવાઓ પરથી 100 ટકા ટેરિફમાંથી રાહત મળી છે, અને શૂન્ય ડ્યુટીનો લાભ મળ્યો છે, જેના લીધે આજે ફાર્મા શેરોમાં ચમકારો જોવા મળ્યો હતો. બજારમાં મંદીના વાદળો વચ્ચે ફાર્મા ઈન્ડેક્સ પોઝિટિવ રહ્યો હતો. જેમાં આગેવાન કંપનીઓ ડો. રેડ્ડીઝ લેબ, સન ફાર્મા સહિતની કંપનીઓના શેરો ચમક્યા હતા.

ભારત યુએસમાં મુખ્ય ફાર્માસ્યુટીકલ્સ સપ્લાયર્સ પૈકીનો એક છે. જેમાં યુએસ વાણિજ્ય વિભાગે 100 ટકા ટેરિફ માટેની તૈયારી કરી રહી છે, જે અંગે એક યાદી બહાર પાડી છે, પણ તેમાં ભારતમાંથી યુએસ મોકલવામાં આવતી દરેક દવા પર લાગુ પડશે નહીં. ભારત સહિત આર્જેન્ટિના, બાગ્લાદેશ, કંબોડિયા, ઈક્વાડોર, યુરોપિયન યુનિયન, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, જાપાન સહિતના ઘણા બંધા દેશોને મુક્તિ આપવામાં આવી છે. વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર જેનેરિક દવાઓ અને તેમના ઉત્પાદન માટે વપરાતી સામગ્રીઓ કલમ 232 હેઠળ આ ફાર્મા ટેરિફને આધીન નહીં રહે. આ તફાવત ભારત માટે મહત્વપુર્ણ સાબિત થશે, કારણ કે જેનેરિક દવાઓ ભારતની અમેરિકામાં થતી ફાર્માસ્યુટિકલ નિકાસનો મોટો હિસ્સો ધરાવે છે. ભારત વિશ્વમાં જેનેરિક દવાઓના સૌથી મોટા ઉત્પાદકો પૈકીનો એક છે અને યુએસ હેલ્થકેર સીસ્ટમનો નોંધપાત્ર સપ્લાયર છે. આ જાહેરાતના પગલે આજે ભારતીય શેરબજાર લાલ નિશાનમાં હોવા છતાં ફાર્મા શેરોમાં ચમકારો જોવાયો હતો અને મોટા ભાગની ફાર્મા કંપનીઓના શેરોમાં ઉછાળો જોવાયો હતો. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ 140 પોઈન્ટ સુધર્યો હતો.

સરકારે 2026-27 માટે અનાજ ઉત્પાદનનું લક્ષ્ય 2.63 મિલિયન ટન ઘટાડ્યું

અલ નીનોનો ખતરો

નવી દિલ્હી, તા. 29 (PTI): સરકારે મંગળવારે અલ નીનો હવામાનની ચિંતાઓ વચ્ચે 2026-27ના પાક વર્ષ (જુલાઈ-જૂન) માટે અનાજ ઉત્પાદનનું નીચું લક્ષ્ય 373.93 મિલિયન ટન નક્કી કર્યું છે. 2025-26ના પાક વર્ષમાં હાંસલ કરાયેલા 376.56 મિલિયન ટનના વાસ્તવિક ઉત્પાદન કરતાં એકંદર અનાજ ઉત્પાદન લક્ષ્ય 2.63 મિલિયન ટન ઓછું છે, પરંતુ આ વર્ષ માટે નિર્ધારિત લક્ષ્ય હજી પણ 2025-26 પાક વર્ષ માટે નિર્ધારિત 362 મિલિયન ટનના લક્ષ્ય કરતાં વધારે છે. 2026-27 માટે નિર્ધારિત કુલ લક્ષ્યમાંથી 2026ની ખરીફ સીઝન માટે અનાજ ઉત્પાદન લક્ષ્ય 196.21 મિલિયન ટન અને રવિ પાક સીઝન માટે 177.72 મિલિયન ટન છે. ભારત ખરીફ (ઉનાળો) અને રવિ (શિયાળો) સીઝનમાં વિવિધ ખાદ્ય પાકો ઉગાડે છે. ડાંગર જેવા ખરીફ પાકની વાવણી હમણાં જ પૂરી થઈ છે, જ્યારે ઘઉં જેવા રવિ પાકની વાવણી ઓક્ટોબરથી શરૂ થશે. અહીં બે દિવસીય રાષ્ટ્રીય પરિષદમાં મીડિયાને સંબોધતાં કૃષિમંત્રી ચૌહાણે જણાવ્યું હતું કે, ''અલ નીનોની સ્થિતિના વૈજ્ઞાનિક મૂલ્યાંકનના આધારે, 2026-27 માટે 373.93 મિલિયન ટનનું કુલ રાષ્ટ્રીય અનાજ ઉત્પાદન લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે, જેમાં રવિ સીઝન માટે 177.72 મિલિયન ટનના લક્ષ્યનો સમાવેશ થાય છે.''

ઈન્ફોસીસ છ વર્ષના નીચલા સ્તરે

મુંબઈ, તા. 29: ભારતની દિગ્ગજ આઈટી કંપની ઈન્ફોસીસમાં આજે ભારે વેચવાલીનું દબાણ રહ્યું હતું અને તેનો ભાવ રૂ. 1000ની સપાટી તોડીને રૂ. 980.40ના સ્તરે પહોંચી ગયો હતો, જે છ વર્ષની નીચી સપાટી હતી. જોકે, બાદમાં રીકવર થઈને છેલ્લે રૂ. 1015.40ના સ્તરે બંધ રહ્યો હતો. જે છેલ્લે 1.2 ટકા વધ્યો હતો. ઈન્ફોસીસ નિફ્ટી આઈટી શેરમાં પોઝિટિવ બંધ રહ્યો હતો. બીજી તરફ, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.5 ટકા ઘટ્યો હતો. એલટીઆઈ અને એમફાસીસ 4 ટકા સુધી તૂટયા હતા. નિષ્ણાતના કહેવા અનુસાર ઈન્ફોસીસના દૈનિક ચાર્ટ પર ડાઉનટ્રેન્ડ સ્પષ્ટપણે દેખાય છે. આ શેર સતત નીચા સ્તર બનાવી રહ્યો છે. જે 20, 50 અને 200 દિવસ જેવી મુવીંગ એવરેજની નીચે જઈ રહી છે. જેના કારણે શેર પર વધુ દબાણ જોવા મળ્યું છે. જોકે, ઈન્ફોસીસમાં રૂ. 980થી 1000નો સપોર્ટ લેવલ છે, તે તોડશે તો વધુ તૂટશે અને આ લેવલ ન તૂટે તો રૂ. 1100થી 1150 સુધી વધી શકે છે. જોકે, ઈન્ફોસીસ રૂ. 1200ની સપાટી કુદાવીને ટકે નહીં ત્યાં સુધી લાંબી તેજીની સંભાવના નહીંવત છે.

મજબૂત જીડીપી વૃદ્ધિ છતાં એફઆઈઆઈની એક્ઝીટ

ભારતીય શેરબજારમાંથી એફઆઇઆઇએ બે વર્ષમાં 3.84 લાખ કરોડ ઉલેચી લીધા

મુંબઈ, તા. 29: ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે, પરંતુ વિદેશી રોકાણકારો પર તંત્રની કોઈ અસર દેખાતી નથી. દેશની મજબૂત જીડીપી વૃદ્ધિ છતાં એફઆઈઆ ભારતીય શેરબજારમાં નવું રોકાણ કરતી નથી એટલું જ નહીં, પણ સતત વેચવાલી રહી છે. છેલ્લા બે વર્ષમાં ભારતીય શેરબજારમાંથી આશરે 40 બિલિયન ડોલર એટલે કે 3.84 લાખ કરોડ રૂપિયા બહાર કાઢી લીધા છે.

બર્નસ્ટેઈનના રિસર્ચના રિપોર્ટ અનુસાર ભારતમાં વિદેશી રોકામ આકર્ષતા કેટલાક જુના ઈન્ડેક્સ હવે પહેલા જેટલા અસરકારક રહ્યા નથી. આનો અર્થ એ થાય છે કે ભારતનું અર્થતંત્ર કેટલી ઝડપથી વિકસી રહ્યું છે તે જોવું હવે વિદેશી રોકાણકારો માટે પુરતુ કારણ નથી.

તાજેતરના સમયમાં એફઆઈઆઈનું વલણ નોંધપાત્ર રીતે બદલાયું છે. એફઆઈઆઈએ મોટા વિદેશી ભંડોળ અને સંસ્થાકીય રોકાણકારોનો ઉલ્લેખ કરે છે. જે ભારતીય શેરબજારમાંરોકાણ કરે છે. બર્નસ્ટાઈનના ડેટા અનુસાર છેલ્લા 24 મહિનામાં કુલ એફઆઈઆઈ આઉટફલો આશરે 56.3 બિલિયન ડોલર હતો, આ સમયગાળામાં 38.6 બિલિયન ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો, જેનો મતલબ એ થાય છે કે, છેલ્લા બે વર્ષમાં ભારતીય શેરબજારમાં રોકાણ કરતા વધુ નાણા બહાર નીકળ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા 10 વર્ષોમાં, ભારતીય શેરબજારમાં ચોખ્ખું એફઆઈઆઈ રોકાણ ચાર બિલિયન ડોલરની આસપાસ હતું. તેની સરખામણીએ ઘરેલું સંસ્થાકીય રોકાણ લગભગ 300 બિલિયન ડોલરનું હતું, તે દર્શાવે છે કે, ભારતીય બજારમાં સ્થાનિક રોકાણકારોની ભૂમિકા સતત વધી રહી છે. જ્યારે વિદેશી રોકાણકારોનું યોગદાન ઘટી રહ્યું છે.

ફાસ્ટેગના વાર્ષિક પાસનો આંક એક કરોડને પાર

રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ખાનગી વાહનચાલકોમાં ફાસ્ટેગ પાસનો સ્વીકાર વધતા મુસાફરી સસ્તી અને સરળ બની

નવી દિલ્હી, તા. 29: રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર મુસાફરી કરતા ખાનગી વાહનચાલકો માટે શરૂ કરાયેલા ફાસ્ટેગ વાર્ષિક પાસની સંખ્યા એક કરોડને પાર નીકળી ગઈ છે. આ યોજના 15 ઓગસ્ટ, 2025ના રોજ શરૂ કરવામાં આવી હતી. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે આ સિદ્ધિને અવરોધરહિત અને કરકસરયુક્ત મુસાફરી માટે યોજનાના વધી રહેલા સ્વીકારનું પરિણામ ગણાવ્યું છે. વાર્ષિક પાસ દેશના આશરે 1150 રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાષ્ટ્રીય દ્રુતગતિ માર્ગના ટોલ મથકો ઉપર માન્ય છે. વર્ષ 2026-27 માટે વાહનચાલકે એક વખત રૂ. 3075 ચુકવવાના રહે છે. ત્યારબાદ એક વર્ષ અથવા 200 ટોલ મથક મુસાફરીની જે મર્યાદા પહેલા પુર્ણ થાય ત્યાં સુધી પાસ માન્ય રહે છે.

સપ્ટેમ્બરમાં નિફ્ટી 1600 પોઈન્ટ તૂટી

25 વર્ષમાં સૌથી ખરાબ નિફ્ટીની સપ્ટેમ્બર એક્સપાયરી રહી, નિફ્ટીમાં 6.7 ટકાનો કડાકો બોલાયો

મુંબઈ, તા. 29: સપ્ટેમ્બર એક્સપાયરીના દિવસે નિફ્ટીમાં ભારે તોફાન રહ્યું હતું. એકબાજું શરૂઆતમાં ગિફ્ટ નિફ્ટી નજીવા ઘટાડા સાથે ચાલી રહી હતી અને તેના લીધે ભારતીય શેરબજાર નજીવા ઘટાડા સાથે ખુલ્યું હતું, પરંતુ ગણતરીના સમયમાં જ ભારે વેચવાલીએ કડાકો બોલાઈ ગયો હતો અને નિફ્એ 22600 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી. જોકે, રીકવર થઈ હતી અને અંતે 64 પોઈન્ટ ઘટીને 22716 પોઈન્ટ પર બંધ રહી હતી. સપ્ટેમ્બર દરમ્યાન નિફ્ટી 1600 પોઈન્ટ એટલે કે 6.7 ટકા તૂટી છે. જે અગાઉ સપ્ટેમ્બર 2001માં 6.5 ટકાનો ઘટાડો જોવાયો હતો. આમ, સપ્ટેમ્બર સિરીઝમાં નિફ્ટીએ છેલ્લા 25 વર્ષમાં સૌથી ખરાબ પ્રદર્સન જોવા મળ્યું છે.

આજે નિફ્ટી એક્સપાયરીના કારણે બજારમાં ભારે વોલેટિલિટી જોવા મળી હતી. જેમાં નિફ્ટી છેલ્લે 0.28 ટકા ઘટીને 22716 પોઈન્ટ પર બંધ રહી હતી. સેકટરની વાત કરીએ તો આઈટી, રિયલ્ટી અને એફએમસીજી શેરોમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે મેટલ અને ફાર્મા શેરો સુધર્યા હતા. નિફ્ટીમાં આજના ઘટાડાના કારણે 200 સપ્તાહની મુવીંગ એવરેજની નજીક પહોંચી ગયો છે. એટલું જ નહીં, નિફ્ટી 2020 પછીના સૌથી લાંબા સાપ્તાહિક ઘટાડા તરફ આગળ વધી રહ્યો છે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૫૦	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૧.૩૫	૫૦/૩૬ ''	૧૫૭	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૦૮.૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૫
૬૮/૩૬	૧૬૫.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૯.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૧	૬૮ ક્રિમ્પ	૧૬૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૨.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૩
૮૦/૭૨ રોટો.	૧૬૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૮.૫
૮૦/૩૬ રોટો.	૧૬૮.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૬૦	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૯૦૦
એસ-૩૦	૪૮૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૨૨૦
તેજાબી સોનું	૧૫૨૧૩૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૬૧૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૧૭૫
સોનાનાં બિસ્કીટ	૧૫૨૨૨૦૦
ચાંદી (૯૯૯)	૨૨૮૧૫૦
ચાંદી સિક્કા	૨૨૯૬૫૦

સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), સુરત
ઓન લાઇન ઈ.ટેન્ડરીંગ નોટીસ નં: સુડા/સીબી/૧૦/૨૦૨૬-૨૭

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરત - ૩૯૫૦૦૭ દ્વારા માન્યશ્રીની નોંધાયેલ કન્સલ્ટન્ટશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. કામની વધુ વિગતો Website https://suda.nprocure.com and https://www.nprocure.com પર તા. ૧૯/૧૦/૨૦૨૬ સુધી જોવા મળશે.

અ. નં.	કામનુ નામ	કામની સંખ્યા
૧	Consultancy services for Architectural, Planning & Designing, Structural proof checking for construction of EWS/LIG houses under PMAY at various locations in Suda Area.	૧

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત

ક્રમાંકઃ માહિતી-સૂરત/૬૭૫/૨૦૨૬

જાહેર હરાજી

આથી ભંગારના વેપારી તથા જુના વાહનો ખરીદવા રસ ધરાવતા વેપારીઓને જણાવવાનુ કે, સચીન પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ નંબર-૧૧/૨૦૨૬ના કામે કબ્જે લીધેલ વાહનોની જાહેર હરાજી તા.૧૦/૧૦/૨૦૨૬ ના રોજ સવારના કલાક-૧૦/૦૦ વાગ્યે ડીંડોલી પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા વેપારીઓ કે અરજદારે અરજી દીઠ અલગ-અલગ રૂા.૫૦,૦૦૦/- ડીપોઝીટ અત્રે સચીન પો.સ્ટે.ના કાઇમ રાઇટર હેડનાઓ પાસે તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ કચેરી સમય દરમ્યાન ભરવાની રહેશે ત્યારબાદ જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકશે અને હરાજીનો માલ જે સ્થિતિમાં હશે તે જ સ્થિતિમાં સુપ્રત કરવામાં આવશે હરાજી પૂર્ણ થવાથી હરાજીમાં ઉંચી બોલી બોલનાર વેપારીની માંગણી મુજબ સૌથી વધુ બોલી બોલનાર વેપારી પાસેથી સ્થળ ઉપર ૨૫% રકમ તથા લાગુ પડતા ટેક્સની રકમ તુરંત જ ભરપાઇ કરવાની રહેશે હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનાર ઇજારદારોએ (૧) પોતાના પેઢીના GST સર્ટીની પ્રમાણિત નકલ (૨) પાનકાર્ડની પ્રમાણિત નકલ (૩) આધારકાર્ડની પ્રમાણિત નકલ (૪) પોતાના રહેઠાણના લાઇટ બીલ સાથે રજુ કરવાના રહેશે જે અંગેની નોંધ લેશો.

તા.૨૭/૦૯/૨૦૨૬

(પી.એન. વાઘેલા)
પોલીસ ઇન્સપેક્ટર
સચીન પોલીસ સ્ટેશન
સુરત શહેર

ક્રમાંક : માહિતી-સૂરત/૬૭૭/૨૦૨૬

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ,
વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website E-Auction Website

ધી સીકયુરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 18/11/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/ જામીનદારો/ મોર્ગેજરોના નામ	તારીખા ના રોજ કુલ બાકી	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુ: દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિંમત ઈએમડી (રૂા.)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	સલાબતપુરા	(૧) શ્રી શિવાજી સદાશીવ પંચોલી (કરજદાર/ મોર્ગેજર), (૨) શ્રીમતી ગીતાબેન શિવાજી પંચોલી (સહ-કરજદાર/ મોર્ગેજર)	તા.૨૩/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૭,૨૨,૬૧૪.૨૦	૦૯/૦૬/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેંણાક ઘર પ્લોટ નં.: ૧૦૩, પહેલો માળ, ''દ્વારકા રેસીડેન્સી'' માપ ૪૧.૩૩ ચો.મીટર્સ. જેની સાથે ત્યાં સ્થિત ૨૪.૦૫ ચો. મીટર્સ માપ ધરાવતા રસ્તો અને સીઓપીની જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સા અને ત્યાં સ્થિત તમામ સુવિધા સહિત. જે રાહી ટાઉનશીપ અને ગંગાધરા હેલ્થ સેન્ટર પાસે, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૨ અને ૧૦૩, બ્લોક નં. ૩૭૮. ગામ: કારેલી, તા. પલસાણા, જી. સુરત, ગુજરાત-૩૯૪૩૧૦. જે મિલકત ચર્તુદિશા- ઉત્તરે: પ્લોટ નં.૧૦૪, દક્ષિણે: જોડાયેલ પ્લોટ નં. ૧૦૨, પૂર્વે: સોસાયટીનો આંતરિક રસ્તો + પ્લોટ નં. ૪, પશ્ચિમે: જોડાયેલ અન્ય પ્લોટ.	સાંકેતિક	9,52,000/- 95,200/-	IDIB3277860492	Mr Kumar Prashant (M) 99353 90324

બીડ વધારવાની કિંમત રૂા.૧૦,૦૦૦/- ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૧૮/૧૧/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૩૦/૦૯/૨૦૨૬ થી ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૧૮/૧૧/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનિટસના અનલિમિટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction serviceprovider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No.8291220220, email ID: - support.baanknet@psballiance.com and other help line numbersavailable in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd.and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com

તારીખ: ૩૦/૦૯/૨૦૨૬,
સ્થળ: સુરત.

સરફેસી એકટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.